# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## *અઠવાડિક તા.૦૨/૧૧/૨૦૧૫ થી તા.૦૮/૧૧/૨૦૧૫*

# પ્રેસનોટ

**૬૦ થી વધુ ઘરફોડ ચોરીના ગુન્હા આચરી અમદાવાદ ગ્રામ્ય,,અને શહેર તથા ગાંધિનગર જીલ્લામાં તરખાટ મચાવનાર દાહોદની ખુંખાર, કુખ્યાત “મોહનિયા-ગેગ ”ના સાગરીતો ને રૂ. ૧૦,૦૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી.**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બોપલ પો.સ્ટે. સાંણદ પો.સ્ટે. વિસ્તારમાં છેલ્લા છ માસ દરમ્યાન ઘરફોડ ચોરીના બનાવો બનેલ જે વણ શોધાયેલ રહેવા પામેલ હોઇ આ ગુન્હાઓની ગંભીરતા ધ્યાને લઇ ડૉ. શ્રી કે.એલ.એન રાવ પોલીસ મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ અમદાવાદ નાઓની સુચના અન્વયે જીલ્લા પોલીસ વડાશ્રી શ્રી નિર્લિપ્તરાય સાહેબશ્રી નાઓએ, એલ.સીબી,.ની અલગ અલગ ટીમો બનાવી જીલ્લા પોલીસ વડાશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ શ્રી. એસ. એન. ચૌધરી, પોલીસ ઇન્સ્પેકટર, એલ.સી.બી.,શ્રી એસ.એન. રામાણી પો.સ.ઇ. શ્રી એલ.સી.બી, અને ટીમે તપાસ હાથ ધરેલ તેના ભાગ રૂપે ગુન્હાવાળી જગ્યાની વીજીટ કરી ગુન્હાની પધ્ધતિના અભ્યાસ આધારે દાહોદ તરફની ગેગના અનુમાન સાથે એલ.સી.બી.ના માણસોને ગેંગ સંબધે માહીતિ એકત્રીત કરવા સુચના કરેલ તેના ભાગરૂપે ચોક્કસ દિશામાં ધ્યાન કેદ્રીત કરી માહિતી મેળવવા ચક્રો ગતિમાન કરેલ તેના ફળસ્વરૂપે દાહોદની કુખ્યાત “મોહનિયા ગેગ ” ની સંડોવણી જણાયેલ દરમ્યાન ચોક્કસ બાતમી અને ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ આધારે પો.ઇન્સ.શ્રી, તથા પો.સ.ઇ શ્રી અને એલ.સી.બી.,ટીમે ધુમા તવાળ પાસે વોચ ગોઠવી ભારે જહેમત થી રીઢા અને ખૂખાર ચાર આરોપીને ઝડપિ પાડેલ.

## આરોપીઓની વિગત

(૧) નરેશ સ/ઓ પરશુભાઇ કાળુભાઇ મોહનીયા ઉ.વ. ૧૯ રહે ઉડાર ગામ તા.ધાનપુર

(૨) મડીયો બહાદુર રાઠોડ ઉ.વ. ૧૯ રહે કાલીયાવાડ તા.ધાનપુર

(૩) બાબુભાઇ નારસંગભાઇ વહોનીયા ઉ.વ. ૨૫ રહે. નાકા ફળીયું, કથોલીયા, તા.લીમખેડા, જી. દાહોદ

(૪) છનીબેન વા./ઓ ગોપલભાઇ વિરીયાભાઇ મોહનિયા ઉવ.૩૨ રહે. ઉડાર તા ધાનપુર જી દાહોદ.

## મુદ્દામાલ રીસીવરની વિગત

(૧) સુરેશ ભીમજીભાઇ માણીયા(લેઉવા પટેલ) ઉ.વ.૪૮ રહે.બી/૨ રાજદીપ ફલેટ ઇન્ડીયા કોલોની રોડ બાપુનગર અમદાવાદ મુળ રહે.મીઠાકુઆ તા.ગારીયાધાર જી.ભાવનગર

(૨) ગીરીશ ભોગીલાલ સોની ઉ.વ.૩૨ રહે.રુદ્રાક્ષ એપાર્ટમેન્ટ કઠવાડા રોડ નવા નરોડા

ઉપરોકત આરોપીઓ પાસેથી અંદાજે ૧૬૬ ગ્રામ વજનના સોનાના દાગીના તથા આશરે અઢી કીલો વજનના ચાંદિના દાગીના તેમજ રોકડ રૂ.૩,૯૮,૫૦૦/- મળી આશરે રૂ. ૧૦,૦૦,૦૦૦/- નો મુદદામાલ તેમજ અમેરીકન ડોલર, યુરો તેમજ નેપાલનુ ચલણ મળી આવેલ જે અંગે તેઓની પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપેલ નહીં. જેથી ઉપરોકત આરોપીઓની અટકાયત કરી આગવી ઢબે ધનિષ્ઠ પુછપરછ કરતા પોતે તથા અન્ય સાગરીતો સાથે મળી અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બોપલ, સાણદ પો.સ્ટે. વિસ્તારમાં તથા અમદાવાદ શહેરના સોલા, વેજલપુર ઓઢવ, નારોલ અને નરોડા, રામોલ વસ્ત્રાલ , વટાવા તથા ગાંધીનગર જીલ્લાના પેથાપુર તથા કોબા સર્કલ નજીકની સોસાયટી તથા દહેગામ રોડ ઉપર નર્મદા કેનાલ નજીકના ખેતરની ઓરડીમાં રાત્રી દરમ્યાન ધાડ તથા ધરફોડ ચોરીઓના સાઇઠ જેટલા ગુન્હા આચરેલાની કબુલાત કરેલ

## આરોપીઓએ છેલ્લા છ માસ દરમ્યાન- ૬૦ થી વધારે જેટલા ગુન્હા આચરેલાની કબુલાત કરેલ

ઉપરોકત આરોપીઓએ છેલ્લા છ માસ દરમ્યાન અત્રેના જીલ્લા ના બોપલ, સાણદ પો.સ્ટે. વિસ્તારમાં તથા અમદાવાદ શહેરના સોલા, વેજલપુર ઓઢવ, નારોલ અને નરોડા, રામોલ વસ્ત્રાલ , વટાવા તથા ગાંધીનગર જીલ્લાના પેથાપુર તથા કોબા સર્કલ નજીકની સોસાયટી તથા દહેગામ રોડ ઉપર નર્મદા કેનાલ નજીકના ખેતરની ઓરડીમાં રાત્રી દરમ્યાન ધાડ તથા ધરફોડ ચોરીઓના સાઇઠ જેટલા ગુન્હા આચરેલની કબુલાત કરેલ.

**<u>અલગ અલગ પો.સ્ટે માં નોધાયેલ ગુન્હા ની વિગત</u>**

**બોપલ -૧૧**

**સાંણદ-૨,**

**<u>અમદાવાદ શહેરના</u>**

**સોલા-૦૪,**

**વટવા – ૧**

**<u>ગાધિનગર જીલ્લાના</u>**

**ઇન્ફોસીટી પો.સ્ટે.-૩**

**ડભોડા પો.સ્ટે -૧**

**પેથાપુર પો.સ્ટે -૧**

**અડાલજ પો.સ્ટે – ૧**

એમ કુલ- ૨૪ ધરફોડ ચોરીના ગુન્હા નોધાયેલાની માહીતી હાલ સુધી મળેલ છે. હજુ ધણા નોધાયેલ ગુન્હાનો આક વધે તેમ છે.

# <u>આરોપીઓની ગુન્હો કરવાની પધ્ધતી</u>

ઉપરોકત આરોપી કડિયા કામ-પાણીની પાઇપ લાઇનના કામના બાહના હેઠળ ખુલ્લી અને એકાંતવાળી જગ્યાએ છાપરૂ બાધી આશરો મેળવી દિવસ દરમ્યાન જુદા જુદા વિસ્તારમાં રેકી કરતા અને રેકી દરમ્યાન ફેમીલી નો ભ્રમ ઉભો કરવા કિશોર સાથે સ્ત્રી સાગરીતને સાથે રાખતા જેથી સીકયુરીટી અથવા સોસાયટીના માણસોને શક ન જાય તે રીતે. રાત્રીના સમયે પસંદગી કરેલ મકાને ત્રાટકી ગુન્હાને અંજામ આપતા

આ ગેંગ રાત્રીના સમયે મકાનને ટાર્ગેટ બનાવી ગુન્હાઓ આચરતી હતી ગેંગના માણસો રાત્રીના ચોરી કરવા જતા પહેલા પેન્ટનો પાંચો વાળી ચડ્ડી જેવો વેશ ધારણ કરી સાથે પથરા તેમજ કુહાડી, પાવડાના હાથા, લોખંડના સળીયા  જેવા ઘાતક હથિયારો સાથે લઇ જતા તેમજ સ્ત્રી સાગરીતને અને કિશોર સાથે લઇ જઇ વોચમાં ઉભા રાખતા જેથી કોઇને શક ન જાય અને કોઇ વોચમેન કે કોઇ અન્ય વ્યકિત પુછે તો અમે એકજ કુટુબના છીએ તેમ જણાવતા એટલે કોઇને શક ન પડે આ તમામ સભ્યો એકજ ગામના અને એક બીજાના સબંધી છે. જેથી આ ગેંગ “<u>મોહનિયા ગેંગ</u>” તરીકે કુખ્યાત છે














આમ જીલ્લા સ્થાનીક ગુન્હા શોધક શાખા ધ્વારા વીક દરમ્યાન ઘરફોડ ચોરીઓ કરનાર કુખ્યાત ગેંગના સાગરીતોને મહતમ મુદામાલ સાથે ઝડપી લઇ મિલકત સબંધી વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢી સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(નિર્લિપ્ત રાય)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય અમદાવાદ